કાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા

# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભૂજ-કચ્છ. ૩૭૦ ૦૦૧. ફોન નં. (૦૨૮૩૨)૨૩૫૦૦૧, ૨૯૩૯૧૧
ફેકસ નં. (૦૨૮૩૨) ૨૩૫૦૧૧

ઇમેઇલ-info@kskvkachchhuniversity.org વેબ-kskvkachchhuniversity.org

ક.યુ./ઇ.સી./મિનિટસ/૨૬મી જુન/૨૦૧૮/૭૭૨ તા.૦૨/૦૭/૨૦૧૮

પ્રતિ,
તમામ એકિઝકયુટીવ કાઉન્સીલના સભ્યશ્રીઓ,
કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,
ભુજ–કચ્છ.

**વિષય : ગત તા.૨૬/૦૬/૨૦૧૮ના રોજની એકિઝકયુટીવ કાઉન્સીલની યોજાયેલ સભાની મિનિટસની નોંધ મોકલવા બાબત.**

શ્રીમાન,

જય ભારત સહ ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, માનનીય કુલપતિશ્રીનાં અધ્યક્ષ સ્થાને તાઃ ૨૬/૦૬/૨૦૧૮ના રોજ કચ્છ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એકિઝકયુટીવ કાઉન્સીલની સભાની મિનિટસ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવ છે. જે આપશ્રીને જાણ થવા વિનંતી.

આભાર સહ,

**આપનો વિશ્વાસુ**

**ઇ/કુલસચિવ**
**કચ્છ યુનિવર્સિટી**

બિડાણઃ– એકિઝકયુટીવ કાઉન્સીલની યોજાયેલ બેઠકની મીનીટસ નોંધ

નકલ સવિનય રવાનાઃ– માનનીય કુલપતિશ્રીના કાર્યાલય તરફ.

## તા.૨૬મી જુન–૨૦૧૮ ના રોજ બપોરે ૦૪.૦૦ કલાકે કચ્છ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની મિનિટસ નોંધ

આજ રોજ તારીખ તા.૨૬મી જુન–૨૦૧૮ ના રોજ મંગળવાર બપોરે ૦૪.૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે એક્ઝિક્યુટીવ કાઉન્સીલની સભા માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને ડો.ગીરીન બક્ષી, ડીનશ્રી અને અધ્યક્ષશ્રી કેમેસ્ટ્રી વિભાગ, કચ્છ યુનિવર્સિટી, ભુજ સાથે અખિલ ભારતીય વિદ્યાર્થી પરીષદના સભ્યો દ્વારા કરવામાં આવેલ હુમલા અન્વયે તાત્કાલિક અસરથી ટેલિફોનિક સુચનાથી સભા બોલાવવામાં આવેલ. આ સભામાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતાં. અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓને બનેલ ઘટના અન્વયે માહિતગાર કર્યા બાદ આગળની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ | હોદો | હાજર/ ગેરહાજર |
|---|---|---|
| ડો. શ્રી.સી.બી.જાડેજા<br>માન. કુલપતિશ્રી,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | અધ્યક્ષશ્રી | હાજર |
| ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન,<br>ગુજરાત રાજય,<br>ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડાયરેકટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન,<br>ગુજરાત રાજય,<br>ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજ્યુકેશન, ગુજરાત રાજય,<br>ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડો.શ્રી.ડી.એમ.બકરાણીયા,<br>ડીનશ્રી, શિક્ષણ વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડો.પી.એસ.હિરાણી,<br>ડીનશ્રી, કોમર્સ વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો. એસ.જી.ધર્માણી,<br>સલંગ્ન કોલેજના આચાર્યશ્રી,<br>તોલાણી કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ,<br>આદિપુર–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો. મનીષ પંડયા<br>સલંગ્ન કોલેજના આચાર્યશ્રી,<br>તોલાણી કોલેજ ઓફ કોમર્સ,<br>આદિપુર–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો. એમ.જી.ઠકકર.<br>પ્રોફેસર, વિજ્ઞાન વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |

| | | |
|---|---|---|
| ડો. કે.એમ.ત્રિવેદી<br>રીડર, વિનયન વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| શ્રી પ્રવિણભાઇ પીડોરીયા<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિશ્રી, | સભ્યશ્રી | હાજર |
| શ્રી અરૂણભાઇ ભીન્ડે<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિશ્રી, | સભ્યશ્રી | હાજર |
| ડો.તેજલ શેઠ,<br>કાર્યકારી કુલસચિવશ્રી, કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સેક્રેટરીશ્રી | હાજર |

## – અધ્યક્ષ સ્થાનેથી રજુ થયેલ બાબતો. –

૧. કચ્છ યુનિવર્સિટી ખાતે અખિલ ભારતીય વિદ્યાર્થી પરીષદ ના સભ્યો દ્વારા ડો.ગીરીન બક્ષી પર કરવામાં આવેલ હુમલા બાબત.

**ઠરાવ:– ૧.** તા.૨૬/૦૬/૨૦૧૮ ના રોજ સવારે કચ્છ યુનિવર્સિટી ખાતે અખિલ ભારતીય વિદ્યાર્થી પરીષદ ના સભ્યો દ્વારા ડો.ગીરીન બક્ષી, ડીનશ્રી અને અધ્યક્ષશ્રી, કેમેસ્ટ્રસ વિભાગ, કચ્છ યુનિવર્સિટી પર કાળો પ્રવાહી પદાર્થ ચોપડવામાં આવેલ અને કરવામાં આવેલ હુમલાની આ ઘટનાને એક્ઝિક્યુટીવ કાઉન્સીલ સખત શબ્દોમાં વખોડે છે અને આ કાંડમાં સંડોવાયેલા તે વિદ્યાર્થીઓને કચ્છ યુનિવર્સિટી અને કચ્છ યુનિવર્સિટી સાથે સલંગ્ન તમામ કોલેજોમાંથી તેમના પ્રવેશ રદ કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૨. કચ્છ યુનિવર્સિટી દ્વારા જાહેર કરવામાં આવેલ ચૂંટણી યોજવા બાબત.

**ઠરાવ:– ૨.** કચ્છ યુનિવર્સિટી દ્વારા જાહેર કરવામાં આવેલ કોર્ટની ચૂંટણીઓ હાલની ઘટેલ ઘટના અન્વયે પાછળ ના ઠેલતાં જાહેર કરવામાં આવેલ તારીખો મુજબ જ નિર્ધારીત સમયે ચૂંટણી યોજવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૩. કોર્ટની ચૂંટણીઓ બાબતે સ્નાતક નોંધણી અરજીઓ બાબત.

**ઠરાવ:– ૩.** કચ્છ યુનિવર્સિટીના કોર્ટની ચૂંટણી સંદર્ભે સ્નાતક નોંધણી અરજીઓ અને આક્ષેપોને ધ્યાને લઇ અગાઉની સમિતિના સભ્યો અને હાલમાં ડો.ગીરીન બક્ષી સાથેના અન્ય બે સભ્યો શ્રી અરૂણ ભીડે અને શ્રી પ્રવિણભાઇ પીડોરીયા સાથે હાલની આપતકાલિન પરિસ્થિતિને જોતાં યુનિર્સિટીના શૈક્ષણિક ભવનના(ગ્રાન્ટેડ) નીચે મુજબના અધ્યક્ષશ્રીઓની કુલસચિવશ્રીના અધ્યક્ષ સ્થાને રીવ્યું કમિટી રચી આ કમિટીએ લેખિતમાં રીવ્યું રીપોર્ટ રજુ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

| ક્રમ | અધ્યક્ષશ્રીનું નામ | ભવનનું નામ |
|---|---|---|
| ૧ | ડો.કે.એમ.ત્રિવેદી | સંસ્કૃત ભવન |
| ૨ | ડો.કલ્પના સતીજા | માનવવિદ્યા ભવન |
| ૩ | ડો.કાશ્મીરા મહેતા | અંગ્રેજી ભવન |
| ૪ | ડો.પી.એસ.હિરાણી | કોમર્સ એન્ડ મેનેજમેન્ટ ભવન |
| ૫ | ડો.ડી.એમ.બકરાણીયા | એજ્યુકેશન ભવન |
| ૬ | ડો.એમ.જી.ઠકકર | અર્થ એન્ડ એન્વાયરોન્મેન્ટ ભવન |
| ૭ | ડો.દર્શના ધોળકીયા | ગુજરાતી ભવન |

૪. ડો.ગીરીન બક્ષી સાથે ઘટેલ ઘટના અન્વયે એફ.આઇ.આર. નોંધવવા બાબત.

**ઠરાવઃ- ૪.** ડો.ગીરીન બક્ષી જોડે અખિલ ભારીયત વિદ્યાર્થી પરીષદના સભ્યો દ્વારા કરવામાં આવેલ હુમલા અન્વયે કુલસચિવશ્રીએ વિધિવત ફરીયાદ નોંધવવાની કાર્યવાહી હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૫. ડો.ગીરીન બક્ષી પર કરવામાં આવેલ હુમલા બાબતે મેડીકલ, કાનુની અને અન્ય ખર્ચ બાબત.

**ઠરાવઃ- ૫.** ડો.ગીરીન બક્ષી પર અખિલ ભારતીય વિદ્યાર્થી પરીષદના સભ્યો દ્વારા ચાલુ નોકરીએ હુમલાની ઘટના બનેલ હોવાથી આ અંગેનો ફરીયાદી, સાક્ષી અને પક્ષકારોના તમામ મેડીકલ, કાનુની કે અન્ય કોઇપણ પ્રકારની કાર્યવાહી સંદર્ભે થયેલ ખર્ચ યુનિવર્સિટીએ ભોગવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**અન્ય કોઇ મુદો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે સભા પૂર્ણ જાહેર કરવામાં આવી.**

આપનો વિશ્વાસુ

**કુલસચિવ(ઇ.ચા.)**

**નકલ સવિનય રવાનાઃ-** માન.કુલપતિશ્રીના કાર્યાલય તરફ.